**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : નેહલ ઠક્કર**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 09-05-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## કેન્દ્રીય ચૂંટણી પંચ

કેંદ્રીય ચૂંટણી પંચે ગઇકાલે 354 ચૂંટણી નિરીક્ષકો સાથે લોકસભાના ચોથા તબક્કાના મતદાનની તૈયારીઓની સમીક્ષા કરી હતી. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયેલી આ બેઠકમાં  મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણી નિરીક્ષકોને નિષ્પક્ષ, મુક્ત અને સુચારું રીતે  મતદાન થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. શ્રી કુમારે નિરીક્ષકોને મતદાન મથકો પર તમામ જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવા પણ જણાવ્યું હતું, ખાસ કરીને ગરમીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જરૂરી તમામ પગલાં લેવા જણાવ્યુ હતું.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય-મતદાન

રાજ્યમાં લોકસભાની 25 બેઠક માટે ગઈકાલે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું. આ વખતે રાજ્યમાં કુલ 59.51 ટકા મતદાન નોંધાયું છે. જેમાંથી સૌથી વધુ 72.24 ટકા મતદાન વલસાડ બેઠક પર અને સૌથી ઓછું 49.44 ટકા મતદાન અમરેલી બેઠક પર નોંધાયું હતું. જ્યારે બનાસકાંઠા, ભરૂચ, બારડોલી, સાબરકાંઠા, આણંદ, વડોદરા અને છોટાઉદેપુર બેઠક પર 60 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. જ્યારે કચ્છ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, રાજકોટ, જામનગર, જુનાગઢ, ખેડા, પંચમહાલ, દાહોદ અને નવસારી બેઠક પર 55થી 60 ટકાની વચ્ચે મતદાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, સુરેન્દ્રનગર, પોરબંદર, ભાવનગર લોકસભા બેઠક એવી રહી કે, જ્યાં મતદાનનો આંકડો 55 ટકાથી પણ ઓછો રહ્યો હતો.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-સ્ત્રી-પુરુષ મતદાન ટકાવારી

કચ્છમાં થયેલા 56.14 ટકા (સત્તાવાર આંકડા) મતદાનમાં ફરી પુરુષો કરતાં સ્ત્રીઓએ ઓછું મતદાન કરીને લોકશાહીના પર્વની ઉજવણીથી દૂર રહી હતી. કચ્છ ઉપરાંત મોરબી સહિતની 7 વિધાનસભા બેઠક પર મતદારો પૈકી પુરુષ મતદાતાઓની સંખ્યા 10,00,743 અને સ્ત્રીઓ 9,42,366 છે, જેમાંથી પુરુષોએ 5,99,105, જ્યારે સ્ત્રીઓએ 4,91,765 પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

આમ કુલ મળીને 10,90,878 મતદારોએ ઈ.વી.એમ.માં બટન દબાવ્યા હતા. થયેલા મતદાન પરથી ટકાવારીના વિશ્લેષણ પરથી પુરુષ વર્ગનું 59.87 ટકા, જ્યારે બહેનોએ 52.18 ટકા મતદાન કર્યું હતું.

**N.P. નેહલ ઠક્કર**

---------------------------------------------------------------------

## ધો-12 બોર્ડ પરીક્ષાનું પરિણામ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માર્ચ-૨૦૨૪ માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ સહિત વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ, ગુજસેટ અને સંસ્કૃત મધ્યમાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ gseb.org પર આજે સવારે ૯ વાગ્યે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પરીક્ષાનો બેઠક ક્રમાંક પરથી મેળવી શકશે. વિદ્યાર્થીઓ WhatsApp Number 63573 00971 પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર, અને S.R. શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે. કચ્છમાં વિજ્ઞાન પ્રવાહના 1606 અને સામાન્ય પ્રવાહના 14952 મળીને નોંધાયેલા કુલ 16558 પરીક્ષાર્થીઓમાંથી જેમણે પરીક્ષા આપી હતી તેમની આતુરતાનો અંત આવશે.

**N.P. નેહલ ઠક્કર**

------------------------------------------------------------------------

## આઇપીએલ

IPL ની વર્તમાન શ્રેણીમાં સનરાઇઝર હૈદરાબાદની ટીમે માત્ર 58 બોલમાં લખનૌ સુપર જાયન્ટ ટીમને 10 વિકેટે હરાવી વિક્રમ સર્જ્યો હતો. હૈદરાબાદ ખાતેની મેચમાં લખનૌ ટીમે 4 વિકેટનાં ભોગે 165 રન કરી મેચ જીતવા 166 રનનું લક્ષ્ય આપ્યું હતું. હૈદરાબાદની ટીમે ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માની ઝમકદાર રમતથી એક પણ વિકેટ ગુમાવ્યાં વિના 9 ઓવર અને 4 બોલ એમ વિજયી લક્ષ્યસર કરી મેચ જીતી લીધી હતી.

ચંદ્રવદન પટ્ટણી

------------------------------------------------------------------------

## ઉનાળુ વેકેશનનો આરંભ

શૈક્ષણિક સત્રનાં સમાપન સાથે આજથી રાજ્ય ભરમાં ઉનાળુ વેકેશનનો આરંભ થશે. શાળા મહા શાળાઓમાં 35 દિવસનાં વેકેશન પછી 13 મી જૂનથી નવા સત્રનો આરંભ થશે.

ચંદ્રવદન પટ્ટણી

------------------------------------------------------------------------

## ભીમાસર ચકાસર રેલવે ટ્રેક

અંજારથી વરસાણા જતા માર્ગ પર આવતા ભીમાસર ચકાસર પાસેનો ફાટક ગાંધીધામ કેબીનથી ભીમાસર સ્ટેશન સુધીનું રેલવે ટ્રેક અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરવાની હોતાં આગામી તા.11 થી 20 મે સુધી 10 દિવસ માટે ભીમાસર રેલવે ફાટક બંધ રહેશે , જેમાં તા.12મી  મે રવિવારે આખો દિવસ ફાટક સંપૂર્ણ બંધ રહેશે. બાકીના દિવસોમાં 6 કલાક કામગીરી દરમિયાન બંધ રહેશે, આ સમયગાળા દરમીયાન વાહન વ્યવહાર મોડવદરથી કરી શકાશે તેવું એક યાદીમાં જણાવાયું છે.

**N.P. નેહલ ઠક્કર**

---------------------------------------------------------------------

## હવામાન

આજથી વૈશાખ માસ શરૂ થઇ રહ્યો છે તે પૂર્વે જ ચૈત્રના અંતિમ સપ્તાહથી ઉનાળાનો અસલી મિજાજ જોવા મળી રહ્યો છે. ગઇકાલે ભુજમાં મહત્તમ તાપમાન બે ડિગ્રી ઘટવા છતાં કાળઝાળ ગરમીનું જોર જારી રહ્યું હતું. જિલ્લા મથકે મહત્તમ તાપમાન 41.7 ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતાં બે ડિગ્રી વધુ હતું.

**N.P. નેહલ ઠક્કર**

---------------------------------------------------------------------